## હાફિઝ સઈદનો નજીકનો સાથી અને એલઈટીનો આતંકી શેખ યુસુફ આફ્રિદી પાકિસ્તાનમાં ઠાર

લાહોર, તા. 27 (PTI): મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદના નજીકના સાથી અને લશ્કર-એ-તૈયબા (એલઈટી)ના મુખ્ય અગ્રણી શેખ યુસુફ આફ્રિદીની પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રદેશમાં અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. એમ પોલીસે સોમવારે જણાવ્યું હતું. આ ઘટના ઈસ્લામાબાદથી લગભગ 250 કિમી દૂર ખૈબર ક્ષેત્રના લેન્ડી કોટલમાં બની હતી. પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે અજાણ્યા સશસ્ત્ર હુમલાખોરોએ આફ્રિદી પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.

# દેશમાં કાળઝાળ ગરમી યથાવત: યુપીના બાંદામાં પારો ૪૭ ડીગ્રીને પાર

**આવતીકાલે** ઉત્તર ભારતના વિસ્તારોમાં વરસાદની આગાહી, ગરમીથી રાહત મળવાની આશા

નવી દિલ્હી, લખનૌ, તા. ૨૭: સોમવારે પણ દેશના અનેક ભાગોમાં કાળઝાળ ગરમી ચાલુ રહી હતી. હવામાન વિભાગે સોમવારે જણાવ્યું હતું કે, ઉત્તર પ્રદેશનું બાંદા દેશનું સૌથી ગરમ સ્થળ રહ્યું હતું, જ્યાં મહત્તમ તાપમાન 47.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 5.4 ડિગ્રી વધારે હતું.

બાંદા ઉપરાંત, ઝાંસીમાં પણ મહત્તમ તાપમાન 45.2 ડિગ્રી સેલ્સિયસ (સામાન્ય કરતાં 3.3 ડિગ્રી વધુ) નોંધાયું હતું. ઝાંસી પણ ભારતના એવા શહેરોની યાદીમાં સામેલ થયું છે જ્યાં મહત્તમ તાપમાનનો પારો 45 ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો હતો. મહારાષ્ટ્રના અકોલામાં 46.9 ડિગ્રી સેલ્સિયસ જેટલી દઝાડતી ગરમી નોંધાઈ હતી, જ્યારે નાગપુર અને વિદર્ભના અન્ય ભાગોમાં ગંભીર હીટવેવની સ્થિતિ સર્જાઈ હતી. આ ઉપરાંત, રાજસ્થાનના ભાગોમાં પણ હીટવેવની અસર જોવા મળી હતી, જેમાં જેસલમેરમાં મહત્તમ તાપમાન 46.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હરિયાણા અને પંજાબમાં પણ આકરો તાપ રહ્યો હતો, જેમાં રોહતકમાં મહત્તમ તાપમાન 44.2 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. પંજાબમાં બઠિંડા સૌથી ગરમ સ્થળ રહ્યું હતું, જ્યાં તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

ઉત્તરના રાજ્યોમાં પડી રહેલી ભીષણ ગરમી વચ્ચે, મંગળવારે દિલ્હી, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ગાજવીજ સાથે વરસાદ અને તેજ પવનની આગાહી થઈ છે, જેના પગલે આસમાને પહોંચેલા તાપમાનમાંથી થોડી રાહત મળવાની શક્યતા છે. મંગળવારે મોટા ભાગના ઉત્તરીય રાજ્યોમાં હવામાનમાં ફેરફારના સંકેત છે એ મુજબ હવામાન વિભાગે જણાવ્યું હતું.



કેરળના ત્રિશૂર સ્થિત વિશ્વ પ્રસિદ્ધ 'શ્રી વડક્કુમનાથન મંદિર' ખાતે પરંપરાગત રીતે યોજાયેલા 'ત્રિશૂર પૂરમ' ઉત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે ઉમટી પડેલી જનમેદની. દાયકાઓ જૂની આ પરંપરામાં હાથીઓની સવારી, ભવ્ય છત્રીઓ અને વાદ્યયંત્રોના નાદ સાથે ભક્તો ભક્તિના રંગે રંગાયા હતા.

# ઈરાનીઓ ધાર્યા કરતા વધુ મજબૂત પુરવાર થયા છે: જર્મન ચાન્સેલર

**યુદ્ધમાંથી** બહાર નિકળવા માટે અમેરિકાની કોઇ વ્યુહરચના જણાતી નથી

**અમેરિકાનું** અપમાન કરવા બદલ ઇરાની નેતાગીરીની ટીકા પણ કરી



બર્લિન, તા. ૨૭: જર્મનીના ચાન્સેલરે ઈરાન યુદ્ધની દિશા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે, વોશિંગ્ટનની વ્યૂહરચના સામે સવાલો ઉઠાવ્યા છે અને ચેતવણી આપી છે કે તેહરાન અગાઉના અંદાજ કરતાં વધુ મજબૂત દેખાઈ રહ્યું છે.

સોમવારે નોર્થ રાઈન-વેસ્ટફેલિયામાં બોલતા ફ્રેડ્રિક મર્ઝે કહ્યું કે તેમને સમજાતું નથી કે અમેરિકા આ સંઘર્ષમાં કઈ 'એક્ઝિટ સ્ટ્રેટેજી'(બહાર નીકળવાની રણનીતિ) અપનાવી રહ્યું છે, અને ઉમેર્યું કે પરિસ્થિતિ વધુને વધુ જટિલ બની રહી છે. મર્ઝે જણાવ્યું હતું કે, "આ ક્ષણે, હું જોઈ શકતો નથી કે અમેરિકનો કઈ એક્ઝિટ સ્ટ્રેટેજી પસંદ કરી રહ્યા છે," જે યુદ્ધ કેવી રીતે આગળ વધશે તે અંગે બર્લિનમાં પ્રવર્તી રહેલી બેચેનીનો સંકેત આપે છે.

તેમણે ઈરાનના નેતૃત્વની ટીકા કરતા કહ્યું કે, "ઈરાની નેતૃત્વ દ્વારા, ખાસ કરીને આ કહેવાતા રિવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા એક આખા રાષ્ટ્રને અપમાનિત કરવામાં આવી રહ્યું છે." સાથે જ જર્મન ચાન્સેલરે કહ્યું કે સંઘર્ષમાં ઈરાનની સ્થિતિને કદાચ ઓછી આંકવામાં આવી છે. તેમણે કહ્યું, "ઈરાનીઓ ધારવા કરતાં સ્પષ્ટપણે વધુ મજબૂત છે," અને ઉમેર્યું કે જેમ જેમ તણાવ વધી રહ્યો છે તેમ તેઓ "દેખીતી રીતે ખૂબ જ કુશળતાપૂર્વક સોદાબાજી કરી રહ્યા છે." તેમની ટિપ્પણીઓ પ્રાદેશિક સત્તાના સમીકરણો કેવી રીતે બદલાઈ શકે છે તે અંગે યુરોપમાં વધી રહેલી ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે.

## પેજ 3

### પીઢ બોલિવૂડ અભિનેતા ભરત કપૂરનું 80 વર્ષની વયે નિધન



મુંબઈ, તા. 27 : પીઢ અભિનેતા ભરત કપૂરનું સોમવારે વય-સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણે અવસાન થયું છે. તેઓ 80 વર્ષના હતા. અભિનેતા અવતાર ગિલે આ સમાચારની પુષ્ટિ આપી હતી. ગિલે જણાવ્યું હતું કે, "હું હમણાં જ સ્મશાનભૂમિથી આવ્યો છું. જ્યારે તેમના પુત્રએ મને ફોન કર્યો, ત્યારે તેમણે જણાવ્યું કે ભરત કપૂર છેલ્લા ત્રણ દિવસથી સ્વસ્થ નહોતા. તેઓ ઘરે જ હતા. તે પહેલા તેઓ હોસ્પિટલમાં હતા." ગિલે વધુમાં ઉમેર્યું હતું કે, "અંતિમ સંસ્કારમાં ખૂબ જ ઓછા લોકો, જેમાં નજીકના સંબંધીઓ અને અમારા થિયેટર ગ્રુપ આઈપીટીએના સભ્યો હાજર રહ્યા હતા. હું ત્યાં હતો, રાકેશ બેદી, દિગ્દર્શક રમેશ કુમાર, અભિનેતા કુલદીપ સિંહ અને અમારા થિયેટર ગ્રુપના અન્ય થોડા લોકો ત્યાં હાજર હતા."

### ગોવિંદાએ બાંકે બિહારીના ચરણે શિશ ઝુકાવ્યું



મુંબઈ, તા. 27: બોલીવુડના દિગ્ગજ અભિનેતા અને 'હીરો નંબર 1' ગોવિંદા સોમવારે ભગવાન શ્રીકૃષ્ણની નગરી વૃંદાવન પહોંચ્યો હતો. ગોવિંદા અહીં સંપૂર્ણપણે ભક્તિના રંગમાં રંગાયેલા જોવા મળ્યો હતો. તેમણે માત્ર વિશ્વ પ્રસિદ્ધ ઠાકુર બાંકે બિહારી મંદિરમાં માથું ટેકવ્યું એટલું જ નહીં, પણ તેમણે સંત પ્રેમાનંદ ગોવિંદ શરણજી મહારાજના આશીર્વાદ પણ લીધા હતા. ગોવિંદાની આ આધ્યાત્મિક યાત્રાએ સોશિયલ મીડિયા પર સૌનું ધ્યાન ખેંચ્યું છે, જ્યાં તેમની સાદગી અને શ્રદ્ધાના લોકો જોરદાર વખાણ કરી રહ્યા છે. વૃંદાવન પહોંચતાં જ ગોવિંદા સૌથી પહેલા ઠાકુર બાંકે બિહારીના મંદિરે ગયો હતો. મંદિરના પૂજારીઓએ સંપૂર્ણ વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે તેમની પાસે વિશેષ પૂજા-અર્ચના કરાવી હતી. દર્શન કર્યા બાદ તેમણે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે તેમનો વૃંદાવન સાથે ઘણો જૂનો અને ગાઢ સંબંધ છે.

### ગીત વિવાદમાં સંજય દત્તની NCW સમક્ષ લેખિત માફી

50 આદિવાસી કન્યાઓના શિક્ષણની જવાબદારી સ્વીકારી



નવી દિલ્હી, તા. 27 (PTI): અભિનેતા સંજય દત્ત સોમવારે 'સરકે ચુનર તેરી સરકે' ગીત સાથે જોડાયેલા વિવાદના સંબંધમાં રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબ્લ્યુ) સમક્ષ હાજર થયો હતો અને લેખિતમાં માફીનામા સુપરત કર્યો હતો, જેમાં તેમણે સમાજને થયેલા કોઈપણ 'અજાણતા' નુકસાન બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. એનસીડબ્લ્યુના અધ્યક્ષ વિજયા રહાટકરની અધ્યક્ષતામાં યોજાયેલી સુનાવણી દરમિયાન આયોગે 'કેડી ધ ડેવિલ' ફિલ્મમાં આ ગીત દ્વારા મહિલાઓના કથિત અશ્લીલ અને અશિષ્ટ નિરૂપણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને આ ગીત પાછળનો ઈરાદો, જાગૃતિ તથા જવાબદારીના મુદ્દાઓ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. અધ્યક્ષે એ વાત પર ભાર મૂક્યો હતો કે શું આ કન્ટેન્ટમાં ભાગ લેતાં પહેલાં પૂરતી સાવચેતી રાખવામાં આવી હતી? જેને મહિલાઓને એક વસ્તુ તરીકે દર્શાવાઈ હોવાનું માનવામાં આવી શકે છે. સંજય દત્તે 50 આદિવાસી કન્યાઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

### સંજય કપૂર પ્રોપર્ટી વિવાદમાં સુપ્રીમની લાલ આંખ: તમે 80 વર્ષના છો, આ ઉંમર લડવાની નથી

નવી દિલ્હી, તા. 27 દિવંગત ઉદ્યોગપતિ સંજય કપૂર સાથે જોડાયેલા પ્રોપર્ટી વિવાદમાં એક નવા ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સોમવારે રાણી કપૂર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર નોટિસ જારી કરી છે. આ દરમિયાન કોર્ટે 80 વર્ષની વયે પણ મુકદ્દમાબાજીમાં સામેલ રહેવા અંગે તેમની સામે મૌખિક ટિપ્પણી કરી હતી. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને વિજય બિશ્નોઈની બેંચ આ મામલાની સુનાવણી કરી રહી હતી ત્યારે તેમણે કહ્યું હતું કે આવા કિસ્સાઓમાં લાંબી કાયદાકીય લડાઈ કોઈના હિતમાં હોતી નથી. અહેવાલમાં ઉમેર્યું છે કે, બેંચે સતત ચાલતા સંઘર્ષની જરૂરિયાત સામે પ્રશ્ન ઉઠાવતા ટિપ્પણી કરી હતી કે, "તમે બધા શા માટે લડી રહ્યા છો? તમે 80 વર્ષનાં છો. તમારા અસીલ માટે લડવાની આ ઉંમર નથી."

## ઉત્તર જાપાનના કેટલાક ભાગોમાં 6.2ની તીવ્રતાનો ભૂકંપ

ટોક્યો, તા. 27 (AP) સોમવારે વહેલી સવારે ઉત્તર જાપાનના કેટલાક ભાગમાં 6.2ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, પરંતુ કોઈ નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી. જાપાનની હવામાન વિજ્ઞાન એજન્સી દ્વારા સુનામી અંગેની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. યુએસ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) મુજબ, ભૂકંપ જાપાનના સૌથી ઉત્તરીય મુખ્ય ટાપુ હોકાઈડો પર આવેલા સારાબેત્સુ નામના નાનકડા શહેરથી 18 કિલોમીટર પશ્ચિમમાં 81 કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. તેણે ભૂકંપની તીવ્રતા 6.1 માપી હતી. એક અઠવાડિયા પહેલા, 7.7ની તીવ્રતાના ભૂકંપને પગલે જાપાનને દેશના ઉત્તર-પૂર્વીય દરિયાકાંઠાના વિસ્તારો માટે સંભવિત ભીષણ ભૂકંપના થોડા ઊંચા જોખમની એડવાઈઝરી જાહેર કરવાની ફરજ પડી હતી.

# મહારાષ્ટ્રમાં હવે વાંદરા પકડનારને મળશે 600 રૂ.

**વાંદરાઓથી** પરેશાન લોકોની સમસ્યા દૂર કરવા વન વિભાગે 'કેશ ફોર કેચ' પહેલ શરૂ કરી

મુંબઈ, તા. 27 મહારાષ્ટ્રમાં વધતા માનવ-વાનર સંઘર્ષ વચ્ચે સરકારે એક એવો નિર્ણય લીધો છે, જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું છે. હવે જો કોઈ વાંદરો પકડે છે તો તેને પૂરા 600 રૂપિયા મળશે. મહારાષ્ટ્ર સરકારે આ આદેશ 22 એપ્રિલે જાહેર કર્યો છે. હકીકતમાં, શહેરો અને ગામડાઓમાં રિઝસ મકાક અને હનુમાન લંગૂરની વધતી સંખ્યાએ લોકોને પરેશાન કરી રાખ્યા છે. ક્યારેક ઘરોમાં ઘૂસીને સામાન ઉઠાવી જવો, તો ક્યારેક રસ્તે ચાલતા લોકો પર હુમલો કરી રહ્યા છે. આ ઘટનાઓએ પ્રશાસનની મુશ્કેલીઓ વધારી દીધી હતી. એવામાં વન વિભાગે 'કેશ ફોર કેચ' જેવી પહેલ શરૂ કરી દીધી છે.

આ યોજના હેઠળ વાંદરાઓને પકડવા માટે જાળ અને પાંજરાનો ઉપયોગ કરવામાં આવશે. દરેક પકડાયેલા વાનરનો ફોટો લેવામાં આવશે. એટલે કે હવે વાંદરાઓ પણ 'કેમેરામાં કેદ' થશે. ત્યાર બાદ તેમને શહેરથી ઓછામાં ઓછા 10 કિલોમીટર દૂર જંગલોમાં છોડી દેવામાં આવશે. 600 રૂપિયાની આ રકમ હવે ચર્ચાનો વિષય બની ગઈ છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે. શું આટલી નાની રકમ માટે કોઈ આટલું જોખમ ઉઠાવશે? કારણ કે વાંદરા પકડવા એ કોઈ સરળ કામ નથી, ઘણીવાર આ જીવલેણ પણ હોઈ શકે છે.

# એન્જિનિયર પર કાદવ ફેંકવાના કેસમાં મંત્રી નિતેશ રાણે દોષિત

**કાયદો** ઘડનારાઓએ કાયદો પોતાના હાથમાં લેવો જોઈએ નહીં: કોર્ટ કોર્ટે એક મહિનાની કેદ ફટકારી

મુંબઈ, તા. 27 (PTI): સિંધુદુર્ગની એક અદાલતે સોમવારે મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેને 2019ના એક કેસમાં દોષિત ઠેરવ્યા છે. જ્યારે તેઓ વિરોધ પક્ષમાં હતા ત્યારે તેમણે એનએચએઆઈના એક એન્જિનિયર પર કાદવ ફેંક્યો હતો. કોર્ટે તેમને એક મહિનાની કેદની સજા ફટકારતાં કહ્યું હતું કે, કાયદો ઘડનારાઓએ કાયદો પોતાના હાથમાં લેવો જોઈએ નહીં.

ત્યાર બાદ, કોર્ટે રાણેની સજા સ્થગિત કરી હતી જેથી તેઓ ઉપલી અદાલતમાં અપીલ કરી શકે, જ્યારે આ કેસમાં અન્ય 29 આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.

એડિશનલ સેશન્સ કોર્ટના જજ વી. એસ. દેશમુખે જણાવ્યું હતું કે, "ભલે રાણેનો હેતુ નબળી ગુણવત્તાના કામ અને લોકોને પડતી અસુવિધા સામે અવાજ ઉઠાવવાનો હતો, પરંતુ તેમણે જાહેર સેવકને જાહેરમાં અપમાનિત કરવા જોઈએ નહીં."

જજે નોંધ્યું હતું કે, "જો આવી ઘટનાઓ બનતી રહેશે તો જાહેર સેવકો ગૌરવ સાથે તેમની ફરજો બજાવી શકશે નહીં." આ કૃત્યને 'સત્તાનો દુરુપયોગ' ગણાવતા કોર્ટે કહ્યું હતું કે, "આવી વૃત્તિને રોકવી એ સમયની માંગ છે."

પૂર્વ કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેના પુત્ર નિતેશ રાણે સહિત 30 લોકો પર રમખાણ, જાહેર સેવકને ફરજ બજાવતા રોકવા માટે હુમલો અને ગુનાહિત કાવતરું સહિતના વિવિધ ગુનાઓ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. જ્યારે આ ઘટના બની ત્યારે તેઓ કોંગ્રેસમાં હતા.

## મહારાષ્ટ્ર કોંગ્રેસના એક ધારાસભ્યએ ટ્રમ્પ પર હુમલા સંદર્ભમાં મોદીને ઘસડતા વિવાદ

**ટ્રમ્પ** પર હુમલાને વાજબી ઠેરવતા વડેટ્ટીવારે કહ્યું કે ભારતમાં પણ આવું જ વાતાવરણ પ્રવર્તે છે

**ભાજપે** આ નિવેદનને વખોડતા કોંગ્રેસની આકરી ટીકા કરી, માફીની માગણી કરી

નવી દિલ્હી, તા. ૨૭: મહારાષ્ટ્રના કોંગ્રેસના એક ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલા એક નિવેદનથી ભારે વિવાદ સર્જાયો હતો જેમાં તેમણે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર રવિવારે હુમલાના થયેલા પ્રયાસને યોગ્ય ગણાવ્યો હતો અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરખામણી ટ્રમ્પ સાથે કરતા હોય તેમ જણાયું હતું. તેમના આ નિવેદન સામે ભાજપે સખત વિરોધ નોંધાવ્યો હતો.

ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને વિનંતી કરી છે કે તેઓ કોંગ્રેસના ધારાસભ્ય વિજય વડેટ્ટીવાર દ્વારા કરવામાં આવેલા નિવેદનોની નિંદા કરે. ધારાસભ્યના વિવાદાસ્પદ નિવેદનોએ દેખીતી રીતે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેના એક કાર્યક્રમમાં થયેલા હુમલાને યોગ્ય ઠેરવ્યો હતો અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યે પણ સમાન લાગણીઓ વ્યક્ત કરી હોય તેમ જણાયું હતું. ભાજપ દ્વારા સપાટી પર લાવવામાં આવેલા એક વીડિયોમાં, વડેટ્ટીવારે કથિત રીતે વૈશ્વિક શાંતિને ખલેલ પહોંચાડનારા કૃત્યોની સરખામણી 'જેવું વાવો તેવું લણો' સાથે કરી હતી અને ઈશારો કર્યો હતો કે ભારતમાં પણ આવું જ વાતાવરણ પ્રવર્તે છે. વીડિયોમાં વડેટ્ટીવાર એમ કહેતા સંભળાય છે કે, તેમણે (ટ્રમ્પે) પોતાના દેશને બરબાદ કરી દીધો છે... અત્યારે જે કંઈ પણ થયું છે તે થવાનું જ હતું. વડેટ્ટીવારે જણાવ્યું હતું કે અમેરિકામાં લોકો વિરોધ પ્રદર્શન કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા છે.

## મુંબઈના એક જ પરિવારના 4 સભ્યોના શંકાસ્પદ ફૂડ પોઈઝનિંગથી મોત

મુંબઈ, તા. 27: મુંબઈના પાયધુની વિસ્તારમાં ફૂડ પોઇઝનિંગની શંકાના કારણે એક જ પરિવારના ચાર સભ્યો–40 વર્ષીય પતિ, તેમની 35 વર્ષીય પત્ની અને 16 તથા 13 વર્ષની બે પુત્રીઓનાં મોત થયાં છે. એમ પોલીસે સોમવારે જણાવ્યું હતું. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના 25 એપ્રિલની રાત્રિની છે, જ્યારે નજીકના સંબંધીઓ સહિત પરિવારના કુલ નવ સભ્યોએ રાત્રે 10:30 વાગ્યાની આસપાસ સાથે મળીને રાત્રિભોજન કર્યું હતું. ત્યાર બાદ સંબંધીઓ પોતપોતાના ઘરે પરત ફર્યા હતા. મોડી રાત્રે 1:00થી 1:30 વાગ્યાની વચ્ચે પરિવારના આ ચાર સભ્યોએ તરબૂચ ખાધું હોવાનું અહેવાલમાં જણાવાયું છે. 26 એપ્રિલની વહેલી સવારે લગભગ 5:30 થી 6:00 વાગ્યાની વચ્ચે, ચારેય સભ્યોને ઊલટી અને ઝાડા જેવા ગંભીર લક્ષણો દેખાવા લાગ્યા હતા. શરૂઆતમાં ફેમિલી ડોક્ટર પાસે તેમની તપાસ કરાવવામાં આવી હતી અને ત્યાર બાદ વધુ સારવાર માટે તેમને જે.જે. હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.

# પાકિસ્તાન અને ચીન વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહકાર માટે ત્રણ કરાર

**ખારા** પાણીને મીઠુ બનાવવા, કૃષિ સહકાર અને ચા ઉદ્યોગના વિકાસ માટેના સહકાર માટે કરારો થયા

**પાકિસ્તાનના** પ્રમુખ આસિફ ઝરદારી ચીનની એક સપ્તાહની મુલાકાતે ગયા છે

ઈસ્લામાબાદ, તા. 27(PTI): પાકિસ્તાન અને ચીને સોમવારે વોટર ડિસેલિનેશન, કૃષિ ટેકનોલોજી અને ચા ઉદ્યોગમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા માટે ત્રણ સમજૂતી કરાર (MoUs) પર હસ્તાક્ષર કર્યા છે. પ્રમુખ આસિફ ઝરદારી, જેઓ 1 મે સુધી ચીનની એક સપ્તાહની મુલાકાતે છે, તેમની હાજરીમાં પાકિસ્તાની અને ચીની સંસ્થાઓ વચ્ચે આ MoUs પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે મહત્વના ક્ષેત્રોમાં વ્યવહારિક સહયોગ વધારવાના કેન્દ્રિત પ્રયાસોને દર્શાવે છે, તેમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

આ હસ્તાક્ષર સમારોહ હુનાન પ્રાંતના ચાંગશામાં યોજાયો હતો. પ્રથમ MoU સિંધ સ્થાનિક સરકાર અને લ્યુસિયન એન્વાયરમેન્ટલ ટેકનોલોજી ગ્રુપ વચ્ચે કરાચીમાં દરિયાના પાણીને મીઠું બનાવવાના (વોટર ડિસેલિનેશન) પ્રોજેક્ટ પર સહયોગ માટે કરવામાં આવ્યો હતો, જેનો હેતુ બંદરીય શહેરમાં પાણી પુરવઠો વધારવાનો છે. આ કરાર પર સિંધના વરિષ્ઠ મંત્રી શરજીલ ઈનામ મેમણ અને લ્યુસિયન ગ્રુપના ચેરમેન યુહુઈ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

# ચાડમાં પાણી મુદ્દે બે જૂથો વચ્ચે લોહિયાળ જંગ: 42 લોકોનાં મોત

**સુદાન** સરહદ નજીક ઇગોટ ગામમાં હિંસા ફાટી નીકળી; લશ્કરની દખલગીરી બાદ સ્થિતિ નિયંત્રણમાં

એન'જામેના, તા. ૨૭ : મધ્ય આફ્રિકન દેશ ચાડના પૂર્વી વિસ્તારમાં પાણીના સ્ત્રોત પર કબજો જમાવવા બાબતે બે પરિવારો વચ્ચે શરૂ થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ જૂથ અથડામણમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૪૨ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. સુદાનની સરહદ પાસે આવેલા વાડી ફિરા પ્રાંતના ઈગોટ ગામમાં શનિવારે આ અથડામણ થઈ હતી.

પાણીના પોઈન્ટ (વોટર પોઈન્ટ) ને લઈને બે પરિવારો વચ્ચે વિવાદ થયો હતો, જે બાદમાં વેરની વસૂલાતના ચક્રમાં ફેરવાઈ ગયો અને મોટા વિસ્તારમાં હિંસા પ્રસરી ગઈ.

હિંસા વધુ ન ફેલાય તે માટે સેનાએ હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. નાયબ વડાપ્રધાન લિમાન મહામાતે જણાવ્યું કે લશ્કરની ત્વરિત કાર્યવાહી બાદ હાલ સ્થિતિ કાબૂમાં છે.

ચાડના પૂર્વી પ્રાંતો હાલમાં સુદાનના યુદ્ધથી ભાગીને આવેલા લાખો શરણાર્થીઓને આશ્રય આપી રહ્યા છે, જેના કારણે સ્થાનિક સંસાધનો (પાણી, જમીન) પર દબાણ વધ્યું છે અને સુરક્ષાના પ્રશ્નો જટિલ બન્યા છે. ચાડમાં ખેડૂતો અને પશુપાલકો વચ્ચે સંસાધનો માટે થતી અથડામણો સામાન્ય છે. ગયા વર્ષે પણ આવી જ એક હિંસામાં ૪૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# AIના મામલે કાનૂની જંગ: મસ્ક-ઓલ્ટમેન અદાલતે ચડ્યા

**OpenAI** અને xAIના માલિકોના સામસામા દાવા

ઓકલેન્ડ (અમેરિકા), તા. ૫(AP): ટેકનોલોજી જગતના દિગ્ગજ ઈલોન મસ્ક અને સેમ ઓલ્ટમેન હવે એક એવા હાઈ-સ્ટેક્સ જંગમાં સામસામે આવવા તૈયાર છે, જે કથિત વિશ્વાસઘાત, છેતરપિંડી અને બેફામ મહત્વાકાંક્ષાની આસપાસ ફરે છે. આ વિવાદે આ બંને અબજોપતિઓના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના વિકાસ માટેના એક સમયના સમાન વિઝનને ધૂંધળું કરી દીધું છે.

સોમવારથી જ્યુરીની પસંદગી સાથે શરૂ થનારો આ ખટલો ChatGPT બનાવનાર કંપની OpenAI ના ૨૦૧૫માં થયેલા જન્મ પર કેન્દ્રિત છે. OpenAI ની શરૂઆત એક નોન-પ્રોફિટ સ્ટાર્ટઅપ તરીકે થઈ હતી, જેમાં મુખ્યત્વે મસ્ક દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું, પરંતુ તે બાદમાં એક વ્યાપારી સાહસમાં ફેરવાઈ ગઈ જેનું મૂલ્ય અત્યારે ૮૫૨ અબજ યુએસ ડોલર છે. આ ટ્રાયલનું પરિણામ AI ક્ષેત્રમાં સત્તાના સંતુલનને બદલી શકે છે.

AI એક એવી ક્રાંતિકારી ટેકનોલોજી છે જે અત્યારે નોકરીઓ છીનવી લેનાર અને માનવતાના અસ્તિત્વ સામેના જોખમ તરીકે જોવામાં આવી રહી છે.

# પાકિસ્તાને ફરી અફઘાનિસ્તાન પર હુમલો કર્યો

નવી દિલ્હી, તા. 27: પાકિસ્તાને સોમવારે અફઘાનિસ્તાનના કુનાર પ્રાંતમાં મિસાઈલ હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા હતા અને 45 અન્ય ઘાયલ થયા હતા. કુનાર પ્રાંતના માહિતી અને સંસ્કૃતિ વિભાગના વડા નજીબુલ્લાહ હનીફે કાબુલ સ્થિત ટોલો ન્યૂઝને જણાવ્યું હતું કે, મૃતકોમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. હુમલાઓમાં કુનાર યુનિવર્સિટી હોસ્ટેલને પણ નિશાન બનાવવામાં આવી હતી. યુનિવર્સિટી ઉપરાંત, શહેર અને તેની આસપાસનાં અનેક ગામડાંઓ અને રહેણાક વિસ્તારો પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, તાલિબાન લશ્કરી ઠેકાણા અસદાબાદની નજીકમાં સ્થિત છે.


## ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી.

રજી.ઓફીસ "શ્રી પ્રમોદભાઈ દેસાઈ સહકાર સદન", જે.પી.રોડ, અઠવાગેટ, સુરત-૩૯૫૦૦૧.
ફોન નં-૦૨૬૧-૨૪૬૬૦૦૧-૨-૩

### જપ્ત કરેલા વાહનની હરાજી

નીચેના વાહનો કબ્જે લેવાયેલા છે અને "જ્યાં છે ત્યાં અને જેમ છે તેમ" અને "રીકોર્સના બેઝીઝ વિના"ની સ્થિતિમાં ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓ. બેંક લી. ના સીક્યોર્ડ દેવાના લેણા માટે વેચવાના છે.

વાહનોની હરાજીની તારીખ : ૦૭/૦૫/૨૦૨૬

| ક્રમ નં. | શાખા | કરજદારનું નામ | વાહન | રજીસ્ટ્રેશન નંબર | મેન્યુફેક્ચર વર્ષ | અનામત કિંમત | સંપર્ક |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જહાંગીરપુરા | ચેતનકુમાર સન્મુખભાઈ પટેલ | TATA ZEST | GJ 05 JH 9365 | 2014 | 70,000/- | 9099211613 |
| ૨. | જહાંગીરપુરા | પારૂલબેન ચેતનકુમાર પટેલ | CHEVROLET TAVERA NEO-2 | GJ 05 JL 2130 | 2015 | 1,60,000/- | 9099211613 |
| 3. | માંડવી ચાર રસ્તા | વિશાલ રાજેશ ટેલર | MARUTI WEGONR LXI | GJ 19 BJ 1717 | 2023 | 4,25,000/- | 9213001516 |
| ૪. | નવયુગ | સુધાબેન છત્રસિંહ મહીડા | TATA HEXA | GJ 05 RF 1578 | 2018 | 4,25,000/- | 0261-2784303 |
| ૫. | ઓલપાડ | શાયરાબાનુ હુસેન રસુલ મલેક | CHEVROLET CELL | GJ 05 BX 2691 | 2016 | 1,00,000/- | 8469593566 |
| ૬. | રાંદેર | રમેશ પુંજાભાઈ પટેલ | MARUTI SWIFT DZIRE | GJ 05 BV 1531 | 2015 | 2,35,000/- | 0261-2764374 |
| ૭. | સચીન | નિલેશભાઈ અમૃતભાઈ પટેલ | FORCE AMBULANCE | GJ 05 BU 6529 | 2014 | 1,35,000/- | 8320365425 |

વાહનોની ચકાસણી તા.૦૫/૦૫/૨૦૨૬ ના રોજ સમય : સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી, સ્થળ: મુ.પો-પીપોદરા, તા-કામરેજ જી-સુરત ખાતે રાખેલ છે.

વાહનોની હરાજી તા.૦૭/૦૫/૨૦૨૬ ના રોજ સમય : સવારે ૧૧.૦૦ થી બેંકની રજી.ઓફીસ "શ્રી પ્રમોદભાઈ દેસાઈ સહકાર સદન", જે.પી.રોડ, અઠવાગેટ, સુરત ખાતે રાખેલ છે.

શરતો :
(૧) જાહેર હરાજીમાં ભાગલેનાર દરેક બિડરે જાહેર હરાજી પહેલા ડિપોઝીટ પેટે રૂા.૫,૦૦૦/- જમા કરાવવાના રહેશે.
(૨) જેઓ વાહન ખરીદશે તેઓએ હરાજીની ૨૫% રકમ જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ ૫ દિવસમાં RTGS/NEFT થી જમા કરાવી દેવાની રહેશે.
(૩) ખરીદનાર બાકીની રકમ જમા કરાવવામાં નિષ્ફળ નીવડે તો સંબંધિત વાહન ફરીથી હરાજી કરવામાં આવશે અને જમા રકમ જપ્ત કરવામાં આવશે.
(૪) નામ ટ્રાન્સફર ચાર્જ, આરટીઓ ચાર્જ વિગેરેનો તમામ ખર્ચ ખરીદનારના શિરે રહેશે.
(૫) અનામત કિંમત કરતા ઓછી કિંમત સ્વીકારવામાં આવશે નહી.
(૬) સફળ બિડરને સંપૂર્ણ ચુકવણીના ૩ દિવસની અંદર વાહનની ડિલીવરી મળશે.

નોંધ: તમામ વાહન માલિક/કરજદાર હરાજીના સ્થાને આવી શકે છે અને હરાજી પહેલાં તેની કુલ બાકી લેણાની ચુકવણી કરી શકે છે અન્યથા વાહનની હરાજી કરવામાં આવશે. કોઈપણ અથવા તમામ ઓફર(ઓ) બોલી સ્વીકારવા/નકારવાનો અધિકાર બેંક પાસે છે. કોઈપણ કારણ આપ્યા વિના વેચાણ રદ કરવાનો અને વેચાણને લગતી કોઈ પણ શરતોમાં ફેરફાર કરવાનો પણ અધિકાર બેંક પાસે છે.

તારીખ : ૨૭/૦૪/૨૦૨૬ — મેનેજીંગ ડીરેક્ટર
સ્થળ :- સુરત